**IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,**
**Presided Over by N.A.Brahmbhatt**

મીનીમમ વેજીસ અરજી નં. ૨/૨૦૨૧
આંક –૨૨

**અરજદાર :** **ગુજરનાર સ્વ.ધીરેન્દ્ર પી.પારેખ** ના વારસદાર
વિધવા પત્ની **નિતાબેન ધીરેન્દ્રભાઈ પારેખ,** (આંક–૩ ની અરજી અન્વયે નામદાર કોર્ટના હુકમ મુજબ વારસ જોડ્યા)
ઠે.ફ્લેટ નં.૬, ત્રિવેણીપાર્ક,
પટેલ પાર્કની પાછળ, સુભાષનગર,
ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **પ્રમુખશ્રી/એક્ઝીક્યુટીવ ઓફીસર,**
ભાવનગર જિલ્લા સહકારી સંઘ,
ઠે.૧૩, સહકાર ભવન, ગંગાજળીયા તળાવ,
ડિસ્ટ્રીક્ટ કો.ઓપ.બેંકના મકાનમાં, ભાવનગર.

**બાબત : મીનીમમ વેજીસ એક્ટ તળે વળતર મેળવવા અંગે.**

**હાજર રહ્યા :**

અરજદાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી એ.પી.પારેખ

સામાવાળા તરફે : ગેરહાજર

**– :: હુ ક મ :: –**

(૧) હાલની અરજીમાં અરજદારે એવું જણાવેલ છે કે, સદરહુ કામના અમો અરજદાર સામાવાળાની સંસ્થામાં નોકરી કરતા કર્મચારી છીએ. અમો

અરજદારે આ અગાઉ આપ નામદાર કોર્ટ સમક્ષ રેફરન્સ ૪૯૫/૮૯ થી જે કેસ કરેલ જે કેસમાં નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવેલ એવોર્ડ મુજબ સામાવાળાની સંસ્થામાં અમો અરજદારને તા.૯–૨–૨૦૦૭ થી પુનઃસ્થાપિત કરેલ અને અમોને નોકરીમાં દાખલ થયા તારીખથી સળંગ નોકરી ગણી મળવાપાત્ર હક્ક, પગાર–ભથ્થા ચુકવવા અન્વયેનો હુકમ થયા બાદ અમો અરજદાર નોકરીમાં પુનઃસ્થાપિત થયા બાદ અમો અરજદારને સામાવાળા દ્વારા નિયત ધારા–ધોરણ મુજબનો પગાર તથા ભથ્થા નહી ચુકવતા અમો અરજદારને ઓછું વેતન ચુકવતા હોવાથી નિયત ધારા–ધોરણ મુજબના પગારના તફાવતની રકમ મેળવવા માટે આપ નામદાર કોર્ટ સમક્ષ અલગ અલગ સમયે અલગ અલગ સમયગાળાની અરજીઓ કરવામાં આવેલ છે. સદરહું કામે અમો અરજદાર સામાવાળાની સંસ્થામાં નીચે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના સમયગાળામાં નોકરી કરેલ તે સમયગાળા દરમ્યાન સામાવાળા દ્વારા સરકારશ્રીના ધારા ધોરણ મુજબ જે મીનીમમ વેજીઝ (પગાર) ચુકવવો જોઈએ તે ચુકવેલ ન હોય અને તેનાથી ઓછો પગાર ચુકવેલ હોય આવા સંજોગોમાં સામાવાળા અમોને સરકારી ધારા ધોરણ મુજબ તફાવતની પગારની રકમ ચુકવે તેમજ તે સમયગાળા દરમ્યાન અમો અરજદારને સરકાર ધારા–ધોરણ મુજબ ખરેખર મીનીમમ વેજીઝની રકમ ઠરાવવા ન્યાયના હિતમાં નમ્ર અરજ ગુજારેલ છે. સદરહું કામે અમો અરજદાર દ્વારા જે તે સમયે સામાવાળા પાસેથી તફાવતની રકમ મેળવવા માટે પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ એક્ટ તળે અરજી કરેલ તે અરજી અન્વયે નામદાર કોર્ટ દ્વારા અમો અરજદારને સામાવાળા દ્વારા લઘુત્તમ ધારા કરતાં ઓછું વેતન ચુકવેલ છે તે અન્વયે તે કાયદા તળે હક્ક એટલે કે દાદ મળી શકે આમ અમો અરજદારની પેમેન્ટ ઓફ વેજીસની અરજી યોગ્ય કાયદા તળે અરજી કરવા માટે પોતાના હુકમમાં તા.૨૩–૧–૨૦૧૯ ના રોજ જણાવેલ હોય આથી અમો અરજદારને નીચેના સમયગાળા દ્વારા મીનીમમ

વેજીસ કરતા ઓછું વેતન ચુકવેલ હોય જેથી તફાવતની રકમ મેળવવા માટે આ અરજી કરવાનું કારણ આ કાયદા તળે ઉત્પન્ન થયેલ હોય જેથી આ અરજી આપ નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ છે. સદરહું કામે અમો અરજદારને સામાવાળા દ્વારા નોકરીમાં તા.૯–૨–૨૦૦૭ ના રોજ પુનઃસ્થાપિત કરેલ તે અગાઉ અમો અરજદાર દ્વારા સામાવાળા સામે આપ નામદાર કોર્ટમાં રેફરન્સ કેસ નં.૪૯૫/૮૯ થી દાખલ કરેલ જેના એવોર્ડ સામે સદરહુ કામના સામાવાળા નામદાર હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન જે રદ થતા એલ.પી.એ. દાખલ કરેલ તે પણ રદ થતા અમો અરજદારને નોકરીમાં પુનઃસ્થાપિત કર્યા બાદ આજદિન સુધી સળંગ નોકરી કરતા આવ્યા છીએ અમો અરજદારને દર માસે ચુકવવા પાત્ર વેતન તેમજ લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવતા આવે છે. તેમજ અમો અરજદારને નીતી નિયમ મુજબ પગારચિઠ્ઠી, હાજરી કાર્ડ કે અઠવાડીક રજાના જેવા વિગેરે લાભો સામાવાળા આપતા નથી. તેમજ સામાવાળા સંસ્થા ભાવનગર મહાનગરપાલિકાની હદમાં આવતી હોય અને સામાવાળા સહકારી સાહિત્યનું વેચાણ તેમજ સહકારી કાયદાનું તાલીમ કેન્દ્ર (શિક્ષણ) આપતી સંસ્થા છે આમ સામાવાળી સંસ્થા વાણિજ્ય પ્રવૃત્તિ કરતી સંસ્થા છે અને સામાવાળાને સરકારશ્રીના લઘુત્તમ વેતન ધારો લાગુ પડતો હોય તેનું અમલવારી કરતા ન હોય તેનાથી પણ ઓછું વેતન ચુકવતા હોય આથી આ અરજી કરવાની અમોને ફરજ પડેલ છે. સદરહુ કામે અમો અરજદારને સરકારશ્રીના નિતીનિયમો મુજબ સામાવાળા સામે લઘુત્તમ વેતન દર નક્કી કરી આપી અને તફાવતની રકમ સામાવાળા પાસેથી પેનલ્ટી સાથે ચુકવવા માટે હુકમ કરવા ન્યાયના હિતમાં અરજ ગુજારેલ છે. સદરહું કામે અમો અરજદાર સામે સામાવાળા ઈરાદાપૂર્વક કિન્નાખોરી રાખી ભેદભાવ રાખી, નીતિ નિયમોની રકમ ચુકવવી જોઈએ તે ન ચુકવીને શારીરિક, માનસીક અને સામાજીક શોષણ કરતા હોય અને તે શોષણ હાલ પણ ચાલુ હોય

તેમજ સામાવાળી સંસ્થા ઈરાદાપૂર્વક કાયદાની જોગવાઈઓનો ભંગ કરી અને તે ભંગ રોજેરોજ ચાલુ રાખેલ છે અમો પ્રથમથી કુશળની વ્યાખ્યામાં આવતા કર્મચારી છીએ તેમ છતાં અમો અરજદાર સાથે ઓરમાયું વર્તન દાખવેલ હોય અને મળવાપાત્ર વેતન ચુકવવાના બદલે કાયદો હાથમાં લઈ પોતાની મનમાની કરતાં હોય અને લઘુત્તમ વેતન જોગવાઈઓને ઈરાદાપૂર્વક ભંગ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હોય અને હાલ પણ ચાલુ હોય આથી આ અરજી કરવાની ફરજ પડેલ છે. સદરહું કામે અમો અરજદારને પરિશિષ્ટમાં જે ગણત્રી મુજબની જે લઘુત્તમ વેતનના પગારના તફાવતની લ્હેણી રકમ આ કામના સામાવાળા પાસેથી અમો અરજદારને કાયદેસરનો હક્ક હોય અને સદરહું રકમ ચુકવવા માટે સામાવાળા સંપૂર્ણ રીતે જવાબદાર હોય આથી ન્યાયના હિતમાં હુકમ કરવા નમ્ર અરજ ગુજારેલ છે. સદરહું અરજી અન્વયે અમો અરજદાર જરૂર જણાય ત્યારે જરૂરી સુધારા વધારા અને ફેરફાર કરવા દેવાનો અમોનો હક્ક અબાધીત રાખવામાં આવેલ છે.

## પરિશિષ્ટ–અ

સામાવાળાની સંસ્થામાં કરેલ કામના દિવસો અને સામાવાળા દ્વારા ચુકવેલ રકમની વિગત

| ક્રમ | માસ | કામના દિવસ | ચુકવેલ દૈનિક વેતન | ચુકવેલ માસીક વેતન |
|---|---|---|---|---|
| ૧ | જુલાઈ–૧૬ | ૨૩ | ૧૪૭=૦ | ૩૩૮૧=૦ |
| ૨ | ઓગસ્ટ–૧૬ | ૨૦ | ૧૪૭=૦ | ૨૯૪૦=૦ |
| ૩ | સપ્ટે.–૧૬ | ૨૨ | ૧૪૭=૦ | ૩૨૩૪=૦ |
| ૪ | ઓક્ટો.–૧૬ | ૨૧ | ૧૪૭=૦ | ૩૦૮૭=૦ |
| ૫ | નવે.–૧૬ | ૨૨ | ૧૪૭=૦ | ૩૨૩૪=૦ |
| ૬ | ડીસે.–૧૬ | ૨૪ | ૧૪૭=૦ | ૩૫૨૮=૦ |

## પરિશિષ્ટ–બ

સામાવાળાની સંસ્થામાં કરેલ કામના દિવસો તથા વેતનધારા મુજબ ચુકવેલ ઓછું વેતનની વિગતો

| ક્રમ | માસ | હાજરીના દિવસ | દૈનિક વેતન | મોંઘવારી | માસીક ઓછું વેતન ચુકવેલ |
|---|---|---|---|---|---|
| ૧ | જુલાઈ–૧૬ | ૨૩ | ૨૯૩=૦૦ | ૧૯=૮૦ | ૩૮૧૩=૪૦ |
| ૨ | ઓગસ્ટ–૧૬ | ૨૦ | ૨૯૩=૦૦ | ૧૯=૮૦ | ૩૩૧૬=૦૦ |
| ૩ | સપ્ટે.–૧૬ | ૨૨ | ૨૯૩=૦૦ | ૧૯=૮૦ | ૩૬૪૭=૬૦ |
| ૪ | ઓક્ટો.–૧૬ | ૨૧ | ૨૯૩=૦૦ | ૨૦=૮૦ | ૩૫૦૨=૮૦ |
| ૫ | નવે.–૧૬ | ૨૨ | ૨૯૩=૦૦ | ૨૦=૮૦ | ૩૬૬૯=૬૦ |
| ૬ | ડીસે.–૧૬ | ૨૪ | ૨૯૩=૦૦ | ૨૦=૮૦ | ૪૦૦૩=૨૦ |
| કુલ રકમ | | | | | ૨૧૯૫૨=૬૦ |

આ અરજી સબબ દાદ માંગવામાં આવેલ છે કે, અમો અરજદારે જુલાઈ–૧૬ થી ડીસેમ્બર–૧૬ ના સમયગાળા દરમ્યાન કરેલ કામના દિવસોના પગારમાં મીનીમમ વેજીઝ કરતા ચુકવેલ ઓછી રકમ રૂા.૨૧,૯૫૨=૬૦ પૈસા ૯ ટકાના વ્યાજ સાથે સામાવાળા પાસેથી અપાવવા ન્યાયના હીતમાં યોગ્ય હુકમ પસાર કરવા અમો અરજદારની માનસર નમ્ર અરજ છે. સામાવાળા પાસેથી લઘુત્તમ ધારા મુજબ ચુકવવા પાત્ર રક ચુકવવામાં કસુર કરેલ હોય આથી બાકી રહેતી રકમ ઉપર પાંચ ગણી વળતરની રકમ દંડ (પેલન્ટી) પેટે ચુકવવા માટે ન્યાયના હિતમાં હુકમ કરવા નમ્ર અરજ ગુજારેલ છે. આ અરજીને લગત બીજી આવશ્યક દાદો તથા સામાવાળાની કસુરના કારણે આ અરજી કરવાની ફરજ પડેલ હોય અરજીનો ખર્ચ તથા અન્ય લાગુ પડતી દાદો અપાવવા ન્યાયના હિતમાં નમ્ર અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે સામાવાળાને હાલની અરજીની નોટીસ કાઢતા નોટીસ બજી આવતા સામાવાળાએ હાલની મીનીમમ વેજીસ અરજીનો કોઈ જવાબ રજૂ કરેલ નથી. જેથી આંક–૭ ની અરજી લગત વિગતવાર હુકમ કરી સામાવાળાના જવાબનો હકક બંધ તા.૨૦–૯–૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. આ કામે આંક–૩ ગુજ.ધીરેન્દ્ર પ્રિતમલાલ પારેખના વારસો જોડવા અંગેની અરજી રજૂ કરેલ છે જેમાં આંક–૩ લગત તા.૧૬–૧૧–૨૦૨૨ ના રોજ વિગતવાર હુકમ પસાર કરી ગુ.અરજદારના વિધવા પત્ની નિતાબેન ધીરેન્દ્રભાઈ પારેખને મુળ અરજદારના વારસદાર તરીકે દાખલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ ગુ.અરજદારના વારસદાર તરફે આંક–૮ થી ગુજ.અરજદારના વારસ નીતાબેન ધીરેન્દ્રભાઈ પારેખ એ પુરાવારૂપી સોગંદનામું રજૂ કરેલ છે તેમાં ઉપરોક્ત અરજી મુજબની હકીકતોને સમર્થન કરેલ છે. સામાવાળા તરફે અરજદારના વારસની કોઈપણ જાતની ઉલટતપાસ લેવામાં ન આવતા આંક–૨૦ થી સામાવાળાનો ઉલટતપાસનો હકક તા.૧૬–૧૨–૨૦૨૪ ના રોજ વિગતવાર હુકમ પસાર કરી બંધ કરવામાં આવેલ છે. વધુમાં આ કામે આંક–૨૧ થી સામાવાળાના પુરાવાનો હકક તા.૧૯–૧૧–૨૦૨૫ ના રોજ વિગતવાર હુકમ પસાર કરી બંધ કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવાઓઃ-</u>**

| ક્રમ | વિગત | આંક/નિશાની |
|---|---|---|
| ૧ | ગુજ.અરજદારના વારસ નિતાબેન ધીરેન્દ્રભાઈ પારેખનું પુરાવારૂપી સોગંદનામું | ૮ |

**<u>દસ્તાવેજી પુરાવાઓઃ-</u>**

| ક્રમ | વિગત | આંક/નિશાની |
|---|---|---|
| ૧ | અરજદારના મરણના દાખલાની નકલ | ૪ |
| ૨ | નામદાર હાઈકોર્ટની બેન્ચના હુકમની નકલ | ૧૨ |
| ૩ | ડીમાન્ડ ૨/૦૮ ના નામદાર કોર્ટના એવોર્ડની નકલ | ૧૩ |
| ૪ | સામાવાળા દ્વારા પગાર અન્વયે કરેલ ઠરાવની નકલ | ૧૪ |
| ૫ | સામાવાળાનાં જે તે સમયે જવાબદાર અધિકારી દ્વારા અન્ય કેસમાં કરેલ સોગંદનામાની નકલ | ૧૫ |
| ૬ | રેફરન્સ કેસ નં.૩૫૩/૯૩ માં સામાવાળાના જવાબદાર અધિકારી દ્વારા જે તે સમયે આપેલ પુરાવારૂપી સોગંદનામાની નકલ | ૧૬ |
| ૭ | સામાવાળા દ્વારા અન્ય જુનીયર કર્મચારીને ચુકવતા પગારના આધારની નકલ | ૧૭ |
| ૮ | મજૂર અધિકારીના પત્ર ન્યુનતમ વેતનની નકલ | ૧૮ |
| ૯ | સામાવાળા દ્વારા જુનીયર કર્મચારીને વખતો વખત આપેલ પ્રમોશનનાં અન્વયેનો પત્રની નકલ | ૧૯ |

સદર કામે અરજદારના વિ.પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં અરજદારના પ્રતિનિધીશ્રીએ રજુ થયેલ રેકર્ડ તથા પુરાવા મુજબની દલીલ કરી માંગેલ દાદ અપાવવા અરજ કરેલ છે. સામાવાળા તરફે કોઈ દસ્તાવેજી પુરાવો કે કોઈ ગણતરીનો આધાર રજૂ કરેલ નથી. સામાવાળા તરફે કોઈ લેખિત કે મૌખિક દલીલ કરવામાં આવેલ નથી. સદર કામ પ્રોસીડીંગ્ઝ મુજબ તમામ સ્ટેજ આગળ ચલાવી સામાવાળા હાજર રહેતા ન હોય હક્ક બંધ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૪) સદર કામે રજુ થયેલ રેકર્ડ અને હકીકતો ધ્યાને લેતા હાલની અરજીના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-- મુદ્દાઓ --**

૧. શું અરજદારની હાલની અરજીમાં જણાવ્યા મુજબની માંગ્યા મુજબની કુલ રકમ રૂા.૨૧,૯૫૨=૬૦ પૈસા વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે સામાવાળા અરજદારને રકમ ચુકવે ત્યાં સુધીની રકમ મીનીમમ વેજીસ એક્ટ મુજબ અરજદાર માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર થાય છે કે કેમ?

૨. શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**-: નિર્ણયો :-**

૧. અંશતઃ હકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૬) ઉપરોક્ત મુદ્દાના નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**-- કારણો --**

**૬.૧ મુદ્દા નં. ૧**

સદર કામે અરજદારે હાલની મીનીમમ વેજીસ અરજીમાં કુલ રકમ રૂા.૨૧,૯૫૨=૬૦ પૈસા વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે વસુલ મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે. અરજદાર દ્વારા તેમની અરજીના સમર્થનમાં સરતપાસનું સોગંદનામું આંક–૮ થી રજુ કરેલ છે. જેમાં સદર કુલ રકમ રૂા.૨૧,૯૫૨=૬૦ પૈસા વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે મેળવવા સોગંદપર પુરાવો રજૂ કરેલ છે.

(૭) સદર કામે અરજદારે હાલની મીનીમમ વેજીસ અરજીમાં જુલાઈ–૧૬ થી ડીસેમ્બર–૧૬ ના સમયગાળા દરમ્યાન કરેલ કામના દિવસોના પગારમાં મીનીમમ વેજીઝ કરતા ચુકવેલ ઓછી રકમ રૂા.૨૧,૯૫૨=૭૦ પૈસા ૯ વ્યાજ સાથે ચુકવી આપવા વિનંતી કરેલ છે. આ કામે કેસનું રેકર્ડ જોવામાં આવે તો સદર અરજી તા.૨૪–૦૫–૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ. જે રકમ ડીસેમ્બર–૨૦૧૬ ના ડ્યુ થયા બાદથી આશરે ૬ વર્ષના વિલંબ બાદ દાખલ કરવામાં આવેલ છે આ કામે ડીલે કોન્ડોલેન્સની અરજી મંજૂર કરવામાં આવેલ છે. સામાવાળા દ્વારા નોટીસ બજવા છતાં કોઈ હાજર રહેલ નથી કે કોઈ વિરોધ સદર અરજીનો કરેલ નથી. આ કામે મીનીમમ વેજીસ એક્ટ ૧૯૪૮ ની કલમ–૨૦ (૨) ની જોગવાઈઓ જોતાં તેમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 20 - Claim**

**"(1) ------------------------**

**(2)** Where an employee has any claim of the nature referred to in sub-section (1)] the employee himself, or any legal practitioner or any official of a registered trade union authorized in writing to act on his behalf, or any Inspector, or any person acting with the permission of the Authority appointed under subsection (1), may apply to such Authority for a direction under sub-section (3):

**Provided that every such application shall be presented within six months from the date on which the minimum wages [29] [or other amount] became payable:**

**Provided further that any application may be admitted after the said period of six months when the applicant**

**satisfies the Authority that he had sufficient cause for not making the application within such period. "**
"આ કલમ મુજબ, જે તારીખે કર્મચારીને ઓછું વેતન મળ્યું હોય અથવા જે તારીખથી પગાર બાકી હોય, તેના **૬ મહિનાની અંદર** સક્ષમ સત્તાધિકારી લેબર કોર્ટ સમક્ષ અરજી કરવી જરૂરી છે." સદર કલમ જોતાં આ અરજીમાં ૬ માસની સમયમર્યાદામાં કરેલ નથી, અને તે બાબતે ડીલે કોન્ડોલેન્સ મંજૂર કરવામાં આવેલ છે.

આ કામના અરજદારે તેમની અરજીમાં પેરા–૮ માં ગણતરી રજુ રાખી છે તે ગણતરી ખોટી છે તેવી કોઈ તકરાર સામાવાળા તરફથી લેવામાં આવેલ નથી જેથી અરજદાર અરજીના પેરા– ૮ માં જણાવેલ સમય–મર્યાદાનું વેતન મીનીમમ વેજ મુજબ મેળવવા માટે હકકદાર હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલા છે અરજદારે પરચુરણ અરજી નં.૨/૨૦૧૯ થી દાખલ કરી વિલંબ માફ કરાવેલ છે. ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતાં અરજદાર મુદ્દા નં.૧ માં જણાવેલ રકમ મેળવવા માટે હક્કદાર થતા હોવાનું તથા અરજદારે હાલની અરજીમાં જણાવેલ કારણો સંજોગો જોતા મુદ્દા નં.૧ નો નિર્ણય અંશતઃ હકારમાં આપી મુદ્દા નં.૨ લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) સદર અરજીના અરજદાર ગુજરનાર સ્વ.ધીરિન્દ્ર પી.પારેખ ના વારસદાર વિધવા પત્ની **નિતાબેન ધીરિન્દ્રભાઈ પારેખ** ની મીનીમમ વેજીસ એકટ અરજી નં.૨/૨૦૨૧ આથી અશંતઃમંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર જુલાઈ–૧૬ થી ડીસેમ્બર–૧૬ ના સમયગાળા સુધીનો પગાર મીનીમમ વેજ મુજબ મેળવવા હક્કદાર થાય છે તેમ જાહેર કરવામાં આવે છે અને આ કામના સામાવાળાએ અરજદારને મીનીમમ વેજ મુજબ રૂા.૨૧,૯૫૨=૬૦ પૈસા અરજદારને સદર હુકમ કર્યેથી દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળાએ અરજી ખર્ચના રૂા.૧૦૦૦/– અરજદારને અલગથી ચુકવી આપવા.

સદર હુકમ આજરોજ તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તારીખ :૨૯/૦૭/૨૦૨૬

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)
પ્રિસાઈડીંગ ઓફિસર
અને ન્યાયાધીશ(એસ.ડી.)
શ્રમ અદાલત નં.–૨,ભાવનગર
જીજે – ૦૧૧૭૦

**એન.ડી.ચૌહાણ (પી.એ.)**